# બીન અવેજી રીલીઝનો લેખ

મોજે........,તા......... જિ....... સ.નં/બ્લોક નં...........વાળી ખેતી/બીનખેતી/મકાન/ફ્લેટ/ નો બીન અવેજી રીલીઝનો દસ્તાવેજ

સવંત ૨૦૭..ના સુદ/વદ/...ને....વાર તા.---જી માહે......સને ૨૦....ના અંગ્રેજી દિને.

આ રીલીઝ લેખ કરાવી લેનાર યાને પહેલા પક્ષના:-

(૧)શ્રી

ઉ.આ.વ....,ધંધો...,રહેવાસી...તા....જી.....ના.

(જેઓને હવે પછી આ રીલીઝ લેખમાં લખી કરી લેનાર યા "તમો" અગર પહેલા પક્ષના-એ રીતે સંબોધવામાં આવ્યા છે. જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાષ ન થાય ત્યા તમો રીલીઝ લેખમાં લેખ કરી લેનારા પોતે તથા તમારા વંશવાલી વારસો. સકસેસરો, એસાઇનીઓ,ટ્રાન્સફરીજ્ગ, એડમીનીસ્ટેટર્સ, એકઝીક્યુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

જેગ લી.

આ રીલીઝનો લેખ કરી આપનાર યાને બીજા પક્ષના:-

(૧)શ્રી

ઉ.આ.વ....,ધંધો...,રહેવાસી...તા....જી.....ના.

(જેઓને હવે પછી આ રીલીઝ લેખમાં લખી કરી આપનાર યા "હમો" અગર બીજા પક્ષના-એ રીતે સંબોધવામાં આવ્યા છે. જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાષ ન થાય ત્યા હમો રીલીઝ લેખમાં લેખ કરી આપનારા પોતે તથા હમારા વંશવાલી વારસો. સકસેસરો, એસાઇનીઓ,ટ્રાન્સફરી, એડમીનીસ્ટેટર્સ, એકઝીક્યુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

જત હમો બીજા પક્ષના આ રીલીઝનામાના લેખથી રીલીઝનો લેખ કરી આપી જણાવીએ છે કે પેટામાં જણાવેલી વિગત અને વર્ણનવાળી ખેતી/બીનખેતી/પ્લોટ/દુકાન/મકાન/ કે જે મોજે....,તા....નાં વાળી ખેતી/બિનખેતી/પ્લોટ/ વાળી મિલ્કત બંને પક્ષનાઓને વારસાઇ હક્કે પ્રાપ્ત થયેલી છે અને આપણી સંયુકત માલીકી કબજા ભોગવટાની, પ્રત્યક્ષ કબજાની અને સદરહું મિલ્કત આ અગાઉ હમો બીજા પક્ષનાઓએ કોઇને ગીરો, વેચાણ, રીલીઝ,વીલ, વહેંચણ વિગેરેથી યા અન્ય હરકોઇ પ્રકારથી વ્યવસ્થા કરેલ નથી. અને તેની હરકોઇ પ્રકારથી વ્યવસ્થા કરવાનો હમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે. અને તમો આ રીલીઝ લેખ કરી આપનાર(સગાઇ લખવી) નં.... ના સગા ભાઇ/બહેન/માતા/પુત્ર/ થાય છે. અને હમોને વખતો –વખત હમારી જીંદીગીમાં માંદગીમાં તેમજ મારા અન્ય કામોમાં પણ તમોએ વારંવાર મદદગારી કરેલી છે.અને તમો રીલીઝ કરાવી લેનારે દેખભાળ વિગેરે કરેલ હોય તેમજ તમો રીલીઝ કરી લેનાર પ્રત્યે હમોને કુદરતી પ્રેમ અને સ્નેહની લાગણી છે. અને ઉપરોકત હમારા કારણોસર પેટામાં જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત તમામ પ્રકરના હક્કો સાથે બીન અવેજી રીલીઝથી આપીએ છીએ. ગુજરાત સ્ટેમ્પ એક્ટ ૧૯૫૮ ની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ તમો રીલીઝ કરી લેનારે

ઇ-સ્ટેમ્પ/જનરલ સ્ટેમ્પ પેપર રૂ! ૨૦૦/- પુરાનો વાપરેલ છે. જે અંગે મજકુર લેખ બીન અવેજી કરેલ હોય નાણાંકીય પહોંચ સ્વીકારેલી નથી અને કોઇપણ જાતનો અવેજ લીધા સિવાય બિન અવેજી કરી આપેલ છે.

સદરહું તમોને બિનવએજી રીલીઝ કરી આપેલ મિલ્કતના અંદરના તથા બહારના લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સહીત ઉંચે આકાશ નીચે પાતાળ સુધી યાવતચંદ્ર દિવાકરો સુધીને માટે કુલ અને સ્વતંત્ર રીતે રીલીઝ કરી આપી છે.અને રીલીઝ કરી આપેલી મિલ્કત મેં હમારા પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટામાંથી કહાડી આજ રોજે તમારા પ્રત્યક્ષ માલીકી ભોગવટામાં સુપરત કરી છે, જે રીલીઝ લેનારે સ્વીકારી લીધી છે. જેની આથી હમો બીજાપક્ષનાઓ કબજા રસીદ સ્વીકારીએ છીએ.

સદરહું રીલીઝ કરી આપેલ મિલ્કત આ અગાઉ હમો બીજા પક્ષનાઓએ કોઇને ગીરોમાં લખી આપેલ નથી કે એસાઇન કરેલ નથી તેમજ ઇન્કમ ટેક્ષ કે સેલ ટેક્ષના કે કોઇ સરકારી કે અર્ધ- સરકારી સંસ્થાના કે કોઇ બેંકના બોજામાં લખી આપેલ નથી કે એ જમીન સંપાદન કરવા માટે કોઇ નોટીસ બજેલ નથી કે મજકુર ઉપર કોઇનો ખોરાકી-પોષાકી નો હક્ક નથી કે કોઇ પ્રકરણ કે પ્રકરણો ચાલુ નથી કે કોઇ કોર્ટની ટાંચ કે જપ્તીમાં કે અવલ જપ્તીમાં કે મનાઇના હુકમમાં ચાલી આવેલ નથી.જેથી તમોને રીલીઝ કરી આપેલ મિલ્કત ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે તેની ખાતરી કરાવી આપી સદર મિલ્કત તમોને રીલીઝથી આપવામાં આવી છે તેમ છતાં જો કોઇ કાંઇ હક્કા-હિત-સંબંધ માટે દરદાવા કરે યા કાયદેસરના પગલાં ભરે તમામ આ રીલીઝ લેખથી રદબાતલ થાય સહી.

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

સરદહુ તમોને આ રીલીઝ લેખથી આપેલી મિલ્ક્ત હાલમાં નામદાર સરકારશ્રી ના દફતરે તથા પંચાયત દફતરે આપણે બંને પક્ષકારોના સંયુક્ત નામે ચાલે છે. તે તમો તમારા નામે માલીકી હક્કે નામદાર સરકારશ્રીના કે પંચાયત દફતરે કે અન્ય રેકર્ડ ઓફ રાઈટસ દફતરે દાખલ કરાવી શકો સહી. અને તેમ કરતા જ્યાં જરૂર જણાય ત્યા હમારે જરૂરી જવાબો,કબુલાતો,સહીસાટા,સંમતિ કે હાજરી રૂબરૂમા હાજર થઈ આપવા સહી. અગર આ લેખથી હમારી કબુલાત ગણી તમારા નામે દાખલ કરાવી લેવી સહી.

સરદહુ તમોને આ રીલીઝ લેખોથી આપેલ મિલક્તનું કોઈપણ લ્હેણું જેવાકે જમીન મહેસુલ,શિક્ષણ ઉપકર,સિંચાઈ દર વિગેરે આજદિન સુધીના આપણે બંને પક્ષકારો એ ભરી દીધા છે. હવે પછી એ જમીનના જે કાંઈ સરકારશ્રીના કે પંચાયતના વેરા,ટેક્ષ વિગેરે ભરવાના આવે તે તમારે તમારી માલીકી હક્કથી તમો રીલીઝ કરાવી લેનારે ભરપાઈ કરવાના રહેશે. અગર આ અગાઉના બાકી નીકળે તો તે હમારે ભરવા સહી.

સરદહું તમોને આ રીલીઝ લેખથી આપેલી જમીન,હવે પછી તમો વેચાણ,ગીરો,રીલીઝ,વીલ,વહેચણ, વિગેરેથી યા અન્ય હરકોઈ પ્રકારથી યા તમારું દિલચાહે તે રીતની વ્યવસ્થા કરો,કરાવવા માલીક મુકત્યાર છો સહી. ટુંકમાં હરકોઈ રીતે વ્યવસ્થા કરવા માલીક મુખત્યાર છો સહી.

સરદહું તમોને રીલીઝ કરી આપેલ મિલ્કતમાં આવજા કરવા તથા માલ-સમાન,વાહનો,જાનવરો વિગેરે લાવવા-લઈ જવા માટે પરાપુર્વના રસ્તાના હક્ક-હિત-સંબંધ છે તેવા હક્ક-હિત-સબંધ સાથે તમોને વેચાણ આપવામાં આવી છે. તેમજ સરદહુ વરસાદના વધારાના પાણીનો નિકાલ નિચાણવાળી જગ્યાએ થઈ આગળ વહી જાય છે,જે પરાપુર્વના પાણીના નિકાલના જે હક્ક-હિત-સંબંધ છે તેવા હક્ક-હિત-સંબંધ સાથે તમોને આ રીલીઝ લેખથી આપી છે.

સરદહું તમોને આ રીલીઝ લેખથી આપેલ મિલ્કતના રીલીઝ લેખ અંગે હમો રીલીઝ કરી આપનારા બીજા પક્ષના આદિજાતિના નથી.

હમો રીલીઝ કરી આપનારને ટોચ મર્યાદા કાયદો લાગુ પડતો નથી.તેમજ મહત્તમ વિસ્તાર કરતા વધુ મિલ્કત ધારણ કરતા નથી.તેમ છતાં ભવિષ્યમાં સંજોગો વસાત હમો રીલીઝ આપનારને ટોચ મર્યાદા કાયદો લાગુ પાડવામાં આવશે તો તેવા પ્રસંગે તમો રીલીઝ કરી લેનારને આપેલી મિલ્કત સિવાય હમારી પાસે બાકી રહેતી મિલ્કતમાંથી નામદાર સરકારશ્રીને મિલ્કત આપવા ખુશી છીએ.

સરદહુ તમોને આ રીલીઝ લેખથી આપેલ મિલ્કત અંગેના દસ્તાવેજ ખર્ચ ,સ્ટામ્પ પેપર,નોંધણી ફી,વકીલ ફી વિગેરે આનુસાંગિક ખર્ચાઓ તમો રીલીઝ કરી લેનારે ભોગવવાના છે સહી.

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | | |

વળી તમોને આ બિનઅવેજી રીલીઝ લેખથી આપેલ મિલ્કતના ટાઈટલમાં કોઈપણ પ્રકારની ખામી યા ન્યુનતા તો તે હમો રીલીઝ કરી આપનારાઓએ દુર કરી,કરાવી આપવાની રહેશે સહી.

બિન અવેજી કરેલી મિલ્કતની વિગત

......ડિસ્ટ્રીકટ...... સબ ડિસ્ટ્રીકટના ગામ મોજે......,તા.......ના રે.સં નં .....સીટી સર્વે નં....,ટી.પી.નં.....ફા.પ્લોટ નં...ક્ષેત્રફળ.... ના અંદરના તથા બહારના લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સહિત.

જેની ચર્તુદીશા નીચે મુજબ છે.

| | |
|---|---|
| પુર્વે | |
| પશ્ચિમે | |
| ઉત્તરે | |
| દક્ષિણે | |

એણી વિગતનો આ બીન અવેજી રીલીઝનો લેખ હમો બીજા પક્ષનાઓએ હમારી રાજીખુશીથી તથા અક્કલ હોશિયારીમાં વાંચી, વંચાવી, પરિણામ સમજીને, કોઇના કોઇપણ જાતના દાબ-દબાણ સિવાય સ્વખુશી , બીન ફેક હાલતમાં તમોને લખી આપેલ છે. જે હમોને તથા હમાતા તથા હમારા તમામ વંશવાલી વારસોને હરેક રીતે કબુલ.મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે ........................................................... મતુ તત્રે ...................................................................શાખ

રીલીઝ કરી આપનારાની સહી            સાક્ષી(૧)ની સહી

રીલીઝ કરાવી લેનારની સહિ            સાક્ષી(૨)ની સહી

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

બિન અવેજી કરેલ મિલ્કતનો  ફોટોગ્રાફ(ફ્રન્ટ વ્યુ)

<u>મિલ્કતનું પોસ્ટલ એડ્રેસ</u>

મોજે:.....રે.સં નં.....ટી.પી નં.....ફા.પ્લોટ નં......"સોસાયટી/જગ્યાનુંનામ" તા......જિ........

પહેલા પક્ષના(રીલીઝ કરી આપનાર);-                    ..............................................

બીજા પક્ષના (રીલિઝ  કરાવી લેનાર):-                    ....................................................

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

બિન અવેજી કરેલ મિલ્કતનો  ફોટોગ્રાફ(સાઇડ વ્યુ)

## મિલ્કતનું પોસ્ટલ એડ્રેસ

મોજે:.....રે.સં નં.....ટી.પી નં.....ફા.પ્લોટ નં......"સોસાયટી/જગ્યાનુંનામ" તા......જિ........

પહેલા પક્ષના(રીલીઝ કરી આપનાર);- .............................................

બીજા પક્ષના (રીલિઝ કરાવી લેનાર):- ..................................................

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

દસ્તાવેજ નં.........તા.............

## પરિશિષ્ટ

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં | પ્રશ્ન | જવાબ(હા કે ના) |
|---|---|---|
| | | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ............(મહેસુલી ગામનું નામ)ગામની .........(સર્વે નં/બ્લોક નં/ટી.પી નં/એફ.પી.નં વિગેરે)ની ખેતી/બિન ખેતીની મિલ્કતનો........બીન અવેજી લેખ કરી આપેલ છે? | |
| ૨ | લેખ માં દર્શાવ્યા મુજબ.....(ચો.મી/હે.આ.ચો.મી/એ.ગુ/વીઘા વિ.) ખેતી/બિન ખેતીની મિક્લતો માટે લેખ કરી આપેલ છે? | |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતો અવેજની રકમ મળેલ છે? | |
| ૪ | લેખ માં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી , વિચારીને તમે પોતે જાતે સહિ/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો? | |
| ૫ | પાવર ઓફ એર્ટની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે? | |
| ૬ | પાવર ઓફ એર્ટનીના લેખમાં પાવર ઓફ એર્ટોની આપનાર વ્યક્તિ/ઓ એ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે? | |
| ૭ | પાવર ઓફ એર્ટોનીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે? | |
| ૮ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો? | |
| ઓળખાણ આપનાર ને પુછવાના પ્રશ્નો | | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છે? | |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વયક્તિ/ઓ એક જ છે? | |

| | | |
|---|---|---|
| 3 | કોઇ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરી ને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો? | |

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહિ ઓળખાણ આપનારની સહિ

...................................................... .......................................

...................................................... .......................................

સહી.................
સબ રજીસ્ટ્રાર

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|
| | | | |

રીલીઝ કરાવી લેનારનું નામ અને સહી ફોટોગ્રાફ ડાબા હાથના અંગુઠાની છાપ
...................................................................................................................................................................

.

..............................................

રીલીઝ કરાવી લેનારનું નામ અને સહી ફોટોગ્રાફ ડાબા હાથના અંગુઠાની છાપ
...................................................................................................................................................................

.

..............................................

| દસ્તાવેજ નો પ્રકાર | અવેજ | ગામનુંનામ | મિલ્કત ની વિગત |
|---|---|---|---|